CCNO 731–19

૭. આજ રોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીઝના પત્ર નં.૨૦૭૭/૨૦૧૫ તા.૨૨.૦૯.૨૦૧૫ મુજબ તથા નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટના જાહેરનામા નં.બી/૫૨૩/૨૦૧૫ તા.૦૧.૧૦.૨૦૧૫ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

૮. ફરિયાદપક્ષનાં કેસની હકીકતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૯. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ અને તેઓની પ્લી આંક–____ થી નોંધતા, તેઓએ સ્વૈછીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે. આ અંગે આંક–______થી કબુલાત પુરસીસ પણ રજુ કરેલ છે અને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતાં અને વ્યાજબી કારણો હોવાનું જણાવે છે. આરોપીને જણાવતાં કે તમો ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં પણ સ્વૈછીક રીતે ગુન્હો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ પણ રજુ કરે છે.

૧૦. આરોપી સામે બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–________નું તહોમત છે. આરોપીની મૌખીક રજુઆત તેમજ કબુલાત પુરસીસ વંચાણે લેતાં, આરોપી નાની ઉમરના ગરીબ અને મધ્યમ વર્ગનાં માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા માણસ છે તેમજ ગરીબીને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે. તેઓ જણાવે છે કે તેઓ સામે આ પ્રથમ ગુન્હો છે તેમજ ભવિષ્ય બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. આમ, આરોપીએ તેઓને ઓછી સજા અને દંડ કરવાં અરજ કરેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો તેમજ તેઓની રજુઆત ધ્યાને લેતાં, તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચીત જણાય છે.

૧૧. નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂધ્ધ નટવર હીરાચન્દ્રજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતાં અને વ્યાજબી કારણો હોયતો કેસની હકીકતોને ધ્યાને લઇ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઇ કરતાં પણ ઓછામાં ઓછી સજા તેમજ દંડ કરવાની સત્તા છે. સદરહું ચુકાદાનાં ફકરા–૨૧માં જણાવેલ કારણો ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આથી, આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઇને તેમજ કાયદાની કલમ–____________માં જણાવેલ સજાની જોગવાઇઓ ધ્યાને લઇને, અત્રેની અદાલતને આરોપીને ન્યુનત્તમ સજા કરવી યોગ્ય અને ન્યાયોચિત્ત જણાય છે. આથી, આરોપીને તેમજ વિધ્ધવાન એપીપીશ્રીને સજા અંગે સાંભળ્યા બાદ, ન્યાયનાં હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

આ કામનાં આરોપીDIPAKBHAI JASHVANTBHAI PRAJAPATI ને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૫૨ અન્વયે બોમ્બે પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ– મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતાં સુધીની સજા તેમજ રૂ._500___/– (કુલ રૂપિયા નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દરેક ગુન્હાના દંડ બદલ દિન–૩ લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જાત–મુચરકા અને જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.
આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ 11–12–21

HARDIK BHARTBHAI TRIVEDI
૧૦માં અધિક જયુડી મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર
(Code:GJ00886)